જેલ ખાતાના સિપાઈ(પુરુષ અને મહિલા)
સંવર્ગની નિમણૂક સમયે બોન્ડની વસુલાત
બાબત.

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૧૨/૫૫૯૩/જ.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ ૨૭/૧૧/૨૦૧૩.**

**સંદર્ભઃ**

**૧)** સામાન્ય વહીવટ વિભાગનો તા.30/૧૦/૨003નો ઠરાવ ક્રમાંકઃતલમ-૧૦૨૦૦૨-યુઓ-૭૩૯-ક

**૨)** ગૃહ વિભાગના તા.૨૫/૭/૨૦૧૨નો નોટીફીકેશન ક્રમાંક: જીજી-૨/૨૦૧૨/જલમ/૭૬૨003/ ૬૬૭૬/જ

**3)** ગૃહ વિભાગના તા.૨૦/૯/૨૦૧૨નો નોટીફીકેશન ક્રમાંક: જીજી-૫૭/૨૦૧૨/જલમ/૭૬૨003/ ૬૬૭૬/ પાર્ટ-૧/જ

**ઠરાવ :**

૨. જેલ ખાતાના સિપાઈ(પુરુષ/મહિલા) સંવર્ગની ભરતી નિયમો સંદર્ભ(૨) તથા (3) ઉપરના નોટીફીકેશનથી બહાર પાડેલ છે જેના નિયમ(૧૦)ની જોગવાઇ મુજબ સિકયોરીટી તથા સ્યોરીટી બોન્ડ સંબંધિત ઉમેદવાર પાસેથી મેળવવાના રહે છે. જેમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૧) ઉપર દર્શાવેલ ઠરાવની સૂચનાઓ મુજબની બોન્ડની રકમ વસુલાત કરવાનું નીચે પ્રમાણેની જોગવાઈ મુજબ આથી ઠરાવવામાં આવે છે.

(૧) જો સિપાઈ સંવર્ગમાં તેની મૂળ નિમણૂંકથી ત્રણ વર્ષની સેવા બાદ (તાલીમના સમયગાળા સહિત) નોકરી છોડે તો બોન્ડની રકમની કોઇ વસુલાત કરવાની રહેશે નહીં.

(૨) જો સિપાઈ સંવર્ગમાં તેની મૂળ નિમણૂંકથી ત્રણ વર્ષ પહેલાં(તાલીમના સમયગાળા સહિત) નોકરી છોડે તો તેને તાલીમના સમયગાળા દરમિયાન ચૂકવેલ પગાર-ભથ્થાની રકમ તથા તાલીમ દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલ ખર્ચની રકમ વસુલ કરવાની રહેશે.

(3) રાજ્ય સરકારની એક સેવામાંથી નીચે જણાવેલ સેવામાં નવી નિમણૂક મેળવતા સિપાઈ સંવર્ગના કર્મચારી પાસેથી કોઇપણ જાતની બોન્ડની રકમ વસુલ કરવાની રહેશે નહીં.

(અ) રાજ્ય સરકારની એક સેવામાંથી બીજી સેવામાં નિમણૂક મેળવતા સિપાઈ સંવર્ગના કર્મચારીઓ પાસેથી

(બ) રાજ્ય સરકારની સેવામાંથી અખીલ ભારતીય સેવામાં જતાં સિપાઈ સંવર્ગના કર્મચારીઓ પાસેથી

(ક) રાજ્ય સરકારની સેવામાંથી રાજ્ય સરકારના જ સ્વાયત બોર્ડ કે કોર્પોરેશનમાં જતાં સિપાઈ સંવર્ગના કર્મચારીઓ પાસેથી

ઉપર(અ), (બ) અને (ક) માં જણાવેલ બાબત સિવાયના કોઈપણ કિસ્સામાં ત્રણ વર્ષની (તાલીમના સમયગાળા સહિત) નોકરી પૂર્ણ કરવામાં ઉમેદવાર જો નિષ્ફળ જાય અને નોકરી છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેમની પાસેથી ઉપર ક્રમાંકઃ(૨)ની વિગતે પુરેપુરી બોન્ડની રકમ વસુલ કરવાની રહેશે.

૩. ઉપરોક્ત ફકરા ક્રમાંકઃર(૩)માં જણાવેલ નવી નિમણૂક વાળી જગ્યાની અરજી યોગ્ય રાહે કરી હોય અથવા જેમણે સરકારી નોકરીમાં નિમાયા પહેલાં નવી નિમણૂકવાળી જગ્યા માટે અરજી કરી હોય તેવા સિપાઈ સંવર્ગના કર્મચારીને સદરહુ જોગવાઇઓનો લાભ મળવાપાત્ર રહેશે.

૪. ઉપરોક્ત વિગતે સિપાઇ (પુરુષ/મહિલા) વર્ગ-૩ના સીધી ભરતી પ્રક્રિયા દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવે ત્યારે સંબંધિત ઉમેદવાર પાસેથી ઉપર મુજબના બોન્ડ મેળવી લેવાની કાર્યવાહી જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીએ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ધીમંત એ.પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી(ગાંધીનગર,ડાંગ સિવાય)
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- અધિક્ષકશ્રી,સર્વે મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/હેડ ક્વાર્ટર સબ જેલ(જે.ઈ.જ.શ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, " કઃશાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, **'આર'** શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/ શાખા સિલેકટ ફાઇલ.